વંચાણે લીધા :

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલય ઓર્ડર નં.૪૦-૩/૨૦૨૦-ડી.એમ-૧(એ). તા.૩૦/૦૯/૨૦૨૦ થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ

(3) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૦૭/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૨૦/૩૨૯૭/૬૩૭૩

---

<u>તાત્કાલિક/અગત્યનુ</u>

ઇ.એમ.આર.એસ/૧૦૨૦૨૧/૨૬/પ.
ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧/૦૧/૨૦૨૧

પરિપત્ર :

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ., ૨૦૦૫ હેઠળ દેશમાં COVID-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને શાળાઓ ફરી શરૂ કરવા માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ જે મુજબ કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર આવતી પ્રવૃતિઓમાં શાળાઓ પુનઃશરૂ કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી રાજ્યમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ -૧૦ અને ધોરણ -૧૨ના વર્ગો માટે તા.૧૧/૦૧/૨૦૨૧થી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુનઃ શરૂ કરવાનું ઠરાવેલ છે. ગુજરાત સરકાર અને ભારત સરકારની સુચનાને ધ્યાને લઇને તા.૧૧/૦૧/૨૦૨૧થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ પુનઃશરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. જે અન્વયે શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. તા- ૧૧/૦૧/૨૦૨૧થી જી.એસ.ટી.ઇ.એસ. હસ્તકની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબધિત શાળાએ વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી શિક્ષણ વિભાગના ઠરાવમાં આપેલ નમૂનાનું લેખિત સંમતિપત્રક મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ કલાસમાં ન જોડાય તેઓ માટે ઓનલાઈન અભ્યાસની વ્યવસ્થા શાળાઓ દ્વારા કરવાની રહેશે. તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દુરદર્શન ડી.ડી.ગીરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

૨. જી.એસ.ટી.ઇ.એસ. હસ્તકની શાળામાં COVID-19 ના કારણે માત્ર ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલવવાના રહેશે.

૩. વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. બે વિદ્યાર્થીઓ વચ્ચે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર જળવાય તે મુજબ વર્ગખંડમાં બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વર્ગમાં વધુ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેમ ન હોય તો એક જ ધોરણના વધારાના વર્ગની વ્યવસ્થા કરવાની રહેશે. તે અંગે તકેદારી શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે ક્યા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના આચાર્યશ્રી સક્ષમ રહેશે.

૪. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓએ ફેસ માસ્ક ફરજિયાત રહેશે. અને સતત મોનિટરિંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક/કર્મચારી શાળા સંકુલમાં ના પ્રવેશે તેની કાળજી સંબધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.

૫. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઇ વ્યકિત હોય તેવી વિદ્યાર્થી કે સ્ટાફ કોઈપણ વ્યકિત શાળામાં હાજર રહી શકશે નહી. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં શાળા આવેલી હોય તો શાળા ખોલી શકાશે નહી.

૬. છાત્રાલય રસોડા વિભાગના સ્ટાફ, કર્મચારી અને કામદારોએ ફરજિયાત કોરોના ટેસ્ટ કરાવવાનો રહેશે.

ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ શાળા અને છાત્રાલયમાં રહેઠાણ અંગે નીચે મુજબ જરૂરી સુચનો પાલન કરવાના રહેશે.

- વિદ્યાર્થીઓની પથારીઓ માટે ઓછામાં ઓછું છ-ફૂટનું અંતર જાળવવાનું રહેશે. વિદ્યાર્થીઓને અલગ અલગ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- છાત્રાલયમાં દરેક સમયે સામાજિક/શારીરિક અંતર ફરજિયાતપણે જળવાવું જોઈએ, મહત્વના સ્થળોએ સંકેતો અને સંદેશાઓ દર્શાવવા મહત્વપુર્ણ છે.
- જે વિદ્યાર્થીઓને ઘરે ઓનલાઈન શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી અને કોઈપણ મદદ મળતી નથી તેઓને છાત્રાલયમાં પાછા આવવા માટે પ્રાથમિકતા આપી બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થી શાળામાં/છાત્રાલયમાં પ્રવેશે એ પહેલા તેઓનું તમામ રીતે સ્ક્રીનિંગ કરવાનું રહેશે. જેઓને રોગના ચિહ્નો ન હોય તેમને જ રહેવા માટે મંજુરી આપવાની રહેશે.
- છાત્રાલયમાં પરિચિત સ્વસ્થ આરોગ્ય ધરાવતા જરુરી કર્મચારી સિવાય તમામ વ્યકિત માટે પ્રવેશ નિષેધ રહેશે.
- છાત્રાલયની નિયમિતપણે સફાઈ કરાવવાની રહેશે અને સંપુર્ણ કેમ્પસને યોગ્ય રીતે સેનેટાઈઝ કરાવવાનું રહેશે.
- જરૂરી પ્રમાણમાં સાબુ, સેનેટાઈઝર, માસ્ક અને થર્મલગનની વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી જરૂરી સંમતિપત્રક મેળવવાના રહેશે. સંમતિપત્રક વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.
- છાત્રાલયમાં કામ કરતા રસોયા/સહાયકે કામ કરતા પહેલા પોતાની અને પરીવારના સભ્યોની આરોગ્ય અંગેની બાહેધરી આપવાની રહેશે..

- સફાઈ, ધોવા, સમારવા, રાંધવા અને ભોજન પીરસતી વખતે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે.
- દરરોજ રસોડાની જંતુરહિત સફાઈ કરાવવાની રહેશે.
- પીવાના પાણીની અને હાથ ધોવાની જગ્યાએ કોઈ પણ પ્રકારની ગંદકી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શિકા અનુસાર સુચનાઓને ધ્યાને રાખી વાલીઓ/વિદ્યાર્થીઓને COVID-19 અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.
- શાળામાં સવારની પ્રાર્થના વર્ગખંડમાં જ કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહેશે
- આ તમામ કાર્યવાહી ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શિકાની ગાઈડલાઈનને અનુસરીને કરવાની રહેશે.

  (https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/SOP_Guidelines_for_reopening_schools.pdf પર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે.)
- સરકારશ્રી તરફથી વખતોવખત જે પણ સૂચનાઓ બહાર પાડવામાં આવે તે તમામનું પાલન કરવાનું રહેશે.

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શિકાનું પાલન સંબંધિત જિલ્લાના વહીવટી તંત્ર અને શાળાના આચાર્યશ્રી/સંચાલકશ્રી દ્વારા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇ વિદ્યાર્થીઓના હિતમાં કરવાનું રહેશે.

(આર.આઇ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

જા. નં./મા-૨/૨૦૨૨/562
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજે માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૨૫/ ૦૨ /૨૦૨૨
૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની મા. અને ઉ.મા. શાળાઓ,
સુરત. જિ.-સુરત.

રા- જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.